વાપી મહાનગરપાલિકા
પાણી પુરવઠા અને સીવરેજ શાખા

વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, વાપી - ૩૯૬૧૯૧, તા. વાપી, જિ. વલસાડ
ટેલિફોન નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮

ટૂંકી મુદતની જાહેરાત

REQUEST FOR PROPOSAL

નામધા ખાતે આવેલ 14 MLD ક્ષમતાના STP પ્લાન્ટમાં OCEMS તથા ફિલ્ડ ઇન્સ્ટ્રુમેન્ટ્સ માટે IoT સિસ્ટમ અને સ્વમાલિકીનું ક્લાઉડ ડેશબોર્ડ પૂરું પાડવા, સ્થાપન કરવા, પરીક્ષણ કરવા તથા કાર્યાન્વિત કરવા (SITC) બાબત.

વાપી મહાનગરપાલિકા તરફથી ઉપરોક્ત કામ માટે IoT OCEMS, ફિલ્ડ ઇન્સ્ટ્રુમેન્ટ્સ તથા ક્લાઉડ ડેટા ઇન્ટિગ્રેશનનો સંબંધિત અનુભવ અને જરૂરી લાયકાત ધરાવતી એજન્સીઓ પાસેથી તકનીકી દરખાસ્ત તથા ભાવપત્રક સાથે Request for Proposal (RFP) હાથો હાથ/RPADથી મંગાવવામાં આવે છે. RFPની વિગતવાર શરતો, તકનીકી વિશિષ્ટતાઓ અને અન્ય વિગતો પાણી પુરવઠા અને સીવરેજ શાખામાં કચેરી સમય દરમિયાન ઉપલબ્ધ રહેશે. દરખાસ્ત સીલબંધ કવરમાં નિર્ધારિત તારીખ અને સમય સુધીમાં ઉપરોક્ત કચેરીના સરનામે પહોંચતી કરવાની રહેશે. કવર ઉપર કામનું નામ અને "પાણી પુરવઠા અને સીવરેજ શાખા" લખવાનું રહેશે.

કામનો વ્યાપ / કાર્યભાગનું વર્ણન (Scope of Work)

ત્રણેય કાર્યભાગ માટે તમામ જરૂરી એસેસરીઝ સહિત IoT અને સ્વમાલિકીનું ક્લાઉડ ડેશબોર્ડનું SITC કરવાનું રહેશે. દરેક IOT ઉપકરણમાં ઓછામાં ઓછી 32 GB આંતરિક સ્ટોરેજ તથા FTP, SFTP, HTTPS, MQTT અને API ડેટા ટ્રાન્સફર સુવિધા જરૂરી છે. લાગુ પડતી GPCB અને CPCB માર્ગદર્શિકા અને નિર્દેશો મુજબ વાપી મહાનગરપાલિકાના સર્વર સાથે પણ જોડાણ કરવાનું રહેશે. જરૂરી મંજૂરીઓ માટે સંકલન અને તકનીકી સહાય તથા મજૂરી મળ્યા બાદ API અને લાઇવ ડેટા જોડાણ કાર્યાન્વિત કરી ૨ વર્ષ ડેટા ટ્રાન્સફર કરવાની જવાબદારી એજન્સીની રહેશે.

અ.નં.	કામનું નામ	લાયકાત	દરખાસ્ત સ્વીકારવાની છેલ્લી તારીખ	જામીન રકમ
૧	બેસિન લેવલ મોનિટરિંગ માટે સંબંધિત ફિલ્ડ ઇન્સ્ટ્રુમેન્ટ્સ સાથે IoT અને ક્લાઉડ ડેશબોર્ડનું જોડાણ, ડેટા સંગ્રહ તથા લાઇવ ડેટા ટ્રાન્સફર સહિત SITC. IP65 Grade Protection ધરાવતું ઔદ્યોગિક ગુણવત્તાનું એલ્યુમિનિયમ બોડી, GPCB, CPCBના સંબંધિત સર્વર સાથે ડેટા જોડાણ તથા SMS અને Email Alertsની સુવિધા સહિત.	સંબંધિત ક્ષેત્રની લાયકાત ધરાવતી અનુભવી એજન્સી	તા. ૧૯-૧૦-૨૦૨૬ સમય ૧૭:૦૦	રૂા. ૧૦,૦૦૦/-
૨	ફ્લો રેટ મોનિટરિંગ અને એરેશનના Dissolved Oxygen (DO) સેન્સર્સ માટે IoT અને ક્લાઉડ ડેશબોર્ડનું જોડાણ, ડેટા સંગ્રહ તથા લાઇવ ડેટા ટ્રાન્સફર સહિત SITC. IP65 Grade Protection ધરાવતું ઔદ્યોગિક ગુણવત્તાનું એલ્યુમિનિયમ બોડી, GPCB, CPCBના સંબંધિત સર્વર સાથે ડેટા જોડાણ તથા SMS અને Email Alertsની સુવિધા સહિત.	સંબંધિત ક્ષેત્રની લાયકાત ધરાવતી અનુભવી એજન્સી	તા. ૧૯-૧૦-૨૦૨૬ સમય ૧૭:૦૦	રૂા. ૧૦,૦૦૦/-
૩	STPના ઇનલેટ અને આઉટલેટ પેરામીટર એનાલાઇઝર્સ માટે IoT અને ક્લાઉડ ડેશબોર્ડનું જોડાણ, ડેટા સંગ્રહ તથા OCEMS ડેટાનું લાઈવ ટ્રાન્સફર સહિત SITC. IP65 Grade Protection ધરાવતું ઔદ્યોગિક ગુણવત્તાનું એલ્યુમિનિયમ બોડી, GPCB, CPCBના સંબંધિત સર્વર સાથે ડેટા જોડાણ તથા SMS અને Email Alertsની સુવિધા સહિત.	સંબંધિત ક્ષેત્રની લાયકાત ધરાવતી અનુભવી એજન્સી	તા. ૧૯-૧૦-૨૦૨૬ સમય ૧૭:૦૦	રૂા. ૧૦,૦૦૦/-

વર્ક ઓર્ડર મળ્યાની તારીખથી ૭ દિવસમાં સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ સહિત સમગ્ર કામ પૂર્ણ કરવાનું રહેશે. ઉપરોક્ત ત્રણ કાર્યભાગ એક જ મુખ્ય કામના ભાગ છે. દરેક ભાગના અલગ દર તથા સંકલિત કુલ ભાવ GST સિવાય દર્શાવવાના રહેશે. લાગુ પડતો GST અલગથી દર્શાવવાનો રહેશે. દરખાસ્ત સ્વીકારવા કે નકારવાનો હક્ક વાપી મહાનગરપાલિકાને રહેશે.

નાયબ મ્યુનિસિપલ કમિશનર
વાપી મહાનગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૪૭૪/૨૦૨૬